ટંકારામાં આભ ફાટયુ : ૪ કલાકમાં બાર ઈંચ વરસાદ

બંગાવડી ડેમ ઓવરફલો થયો : જામનગરનો ઉન-૨ ડેમ પણ ઓવરફલો થતાં ડેમના ૨૫ દરવાજા ખોલી દેવાયા

રાજયભરમાં આજે સાર્વત્રિક વરસાદની સાથે સાથે મેઘરાજાએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મેઘમહેરની સાથે સાથે જાણે મેઘકહેર વરસાવી હતી. મોરબીના ટંકારામાં તો જાણે આભ ફાટયું હતુ અને માત્ર ચાર કલાકમાં ૧૨ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ ખાબકતાં ટંકારા ફરી એકવાર જળબંબાકારમાં ફેરવાઈ ગયું છે. ટંકારામાં બાર ઈંચ જેટલો મેહુલિયો ખાબકતાં એનડીઆરએફ અને ફાયરબ્રિગેડ સહિતની બચાવ ટીમો ફરી એકવાર કામે લાગી હતી. મોડી રાત સુધીમાં સંખ્યાબંધ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું. આટલા ભારે વરસાદને લઈ ફરી એકવાર મોરબીના ટંકારામાં વિનાશ અને તારાજીની દહેશત પ્રવર્તી રહી છે. પંદર દિવસ પહેલા મેઘરાજાએ પહેલા રાઉન્ડમાં ટંકારાને ઘમરોળી નાંખ્યું હતું અને હવે ફરી એકવાર ટંકારા પર ગાજ વરસાવી છે. સ્થાનિક લોકોની હાલત ભારે કફોડી અને દયનીય બની છે. મોરબીના ટંકારામાં અતિ ભારે વરસાદના કારણે આજે બંગાવડી ડેમ ઓવરફલો થઈ ગયો હતો. અગાઉ પણ મેઘરાજાના કહેર વખતે બંગાવડી ડેમ ઓવરફલો થયો હતો અને પંદર દિવસ બાદ ફરી એકવાર આ ડેમ છલકાઈ ગયો છે. આ જ પ્રકારે ડેમી-૨ અને ડેમી-૩ ડેમ ઓવરફલો થયા હતા, જેના પગલે ડેમી-૨ ડેમના ૧૦ દરવાજા પાંચ ફુટ સુધી ખોલવામાં આવ્યા છે, જયારે ડેમી-૩ ડેમના ત્રણ દરવાજા એક ફુટ સુધી ખોલાયા હતા. આ ડેમો ઓવરફલો થતાં આસપાસના ગામો અને સ્થાનિક લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. મોરબીના ટંકારામાં આજે સમગ્ર દિવસ દરમ્યાન વરસાદી જોર ચાલુ રહ્યું હતું. જો કે, બપોર બાદ બે કલાક એટલો જબરદસ્ત વરસાદ ખાબકયો હતો કે, બે કલાકમાં જ નવ ઈંચ જેટલો અતિ ભારે વરસાદ વરસી ગયો હતો. મોડી સાંજ સુધીમાં સમગ્ર દિવસ દરમ્યાન ટંકારામાં ૧૨ ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. જેના પરિણામે ટંકારા સહિતના આસપાસના વિસ્તારો અને પંથકો પાણીમાં ડૂબી ગયા હતા, સર્વત્ર જળબંબાકારની સ્થિતિ વચ્ચે ફરી એકવાર લોકો હાલાકીમાં મૂકાઈ ગયા હતા. મોરબી અને ટંકારાનું જનજીવન જાણે વેરવિખેર થઈ ગયું હતું. ૧૨ ઈંચ વરસાદે સર્વત્ર જળબંબાકારના દ્રશ્યો સર્જી દીધા હતા. માણસ હોય કે મૂંગા અબોલ પશુ સૌકોઈની હાલત કફોડી બની હતી. ૧૨ ઈંચ વરસાદને પગલે ટંકારામાં ફરી એકવાર તારાજીની દહેશત પ્રવર્તી રહી છે. જો કે, પાણી ઓસર્યા બાદ તારાજીનો અંદાજ સ્પષ્ટ થશે.

આજથી પિલવાઈ કોલેજમાં નેશનલ સાયન્સ ટેકનો ફેરનો પ્રારંભ

ઈસરો દ્વારા વિવિધ સેટેલાઈટના મોડેલ્સનું અલભ્ય પ્રદર્શન

સમગ્ર ગુજરાતમાં ખ્યાતિપ્રાપ્ત તથા રાષ્ટ્રીય સંસ્થા નેક (NAAC) દ્વારા 'એ' ગ્રેડથી પ્રમાણિત થયેલી આર્ટ્સ-સાયન્સ-કોમર્સ કોલેજ, પિલવાઈ (જી. મહેસાણા)ના યજમાનપદે તારીખ ૧૫ અને ૧૬ જુલાઈ (શનિ-રવિ) દરમિયાન 'નેશનલ સાયન્સ ટેકનો ફેર'નું શાનદાર આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે રાષ્ટ્રીય કક્ષાના નામાંકિત વૈજ્ઞાનિકો, વિદ્વાન અધ્યાપકો તથા ૧૫ જેટલા રાજયોના વિદ્યાર્થીઓ સાયન્સ અને મેથ્સના જુદાજુદા પ્રોજેક્ટ લઈને ઉપસ્થિત રહેશે. બે દિવસ સુધી ભારતની પ્રતિષ્ઠિત અવકાશ સંશોધન સંસ્થા 'ઈસરો' તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓના સહયોગમાં 'ડૉ. જે. ડી. તલાટી વિજ્ઞાન પ્રદર્શન' યોજવામાં આવશે.

બે દિવસ ચાલનારા સાયન્સ ટેકનો ફેરમાં સાયન્સ મોડેલ્સ મેકિંગ, સાયન્સ મોડેલ્સ પ્રેઝન્ટેશન, સાયન્સ ટેકનો ડીબેટ, સાયન્સ ટેકનો ટોક-શો, ક્વીઝ આદિ વિશિષ્ટ પ્રવૃતિઓ પણ યોજાશે. તદુપરાંત, ઈસરો દ્વારા વિવિધ સેટેલાઈટના મોડેલ્સ દર્શાવતું અલભ્ય અને દર્શનીય પ્રદર્શન આ ટેકનોફેરનું યાદગાર સંભારણું બની રહેશે.

સાયન્સ ટેકનો ફેરના પ્રથમ દિવસે એટલે કે ૧૫,જુલાઈના રોજ 'ગ્લોબલાઈઝેશન ઓફ એજ્યુકેશન થ્રુ ડીઝીટલાઈઝેશન' વિષય પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે, જેમાં સુખ્યાત વૈજ્ઞાનિકો ઉપરાંત વિભિન્ન યુનીવર્સીટીઓના કુલપતિઓ, શિક્ષણવિદો અને સંશોધકો દ્વારા વ્યાખ્યાનો આપશે અને સંશોધનપત્રો રજુ થશે.

સાયન્સ અને ટેકનોલોજીના આ ભવ્ય પ્રદર્શનનો લાભ લેવા મહેસાણા જીલ્લાના ડી.ઈ.ઓ. તથા ડી.પી.ઓ. દ્વારા પરિપત્રો કરી આદેશો કરવામાં આવેલા છે. આમ સમગ્રજીલ્લામાંથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના દસેક હજાર વિદ્યાર્થીઓ તથા નાગરિકો આવવાનો અંદાજ છે. તા. ૧૫મીએ સવારે ૯ થી ૫ અને તા. ૧૬મીએ સવારે ૯ થી ૨ દરમ્યાન ચાલનાર આ પ્રદર્શન જાહેર જનતા માટે પણ ખુલ્લું હોઈ તેમાં આવવા સૌ કોઈને આચાર્ય ડૉ. સંજય શાહ તથા કોલેજ પરિવાર આવકારે છે.

બાઈના મુવાડા દૂધ મંડળીના ચેરમેનપદે ચૂંટાયા

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બાઈના મુવાડા ખાતે

આવેલ દૂધ મંડળીમાં તાજેતરમાં જ ચૂંટણી યોજાઈ હતી. જેમાં દૂધ મંડળીના નવા ચેરમેન તરીકે મનુસિંહ વીરસિંહ ઝાલા જંગી બહુમતીથી ચુંટાઈ આવતાં દૂધ મંડળીના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો છે.

માણસાના દેલવાડ ગામમાં લૂંટનાં ઈરાદે મહિલાની હત્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જીલ્લાનાં માણસા તાલુકામાં આવેલા દેલવાડ ગામમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે. આજે એક જ દિવસે પિતા અને પુત્રીની અંતિમયાત્રા ગામમાંથી નિકળી હતી. ગઈ કાલે દિકરી ઘરેથી ઘાસચારો લેવા નિકળી હતી ત્યારે કોઈ લુંટારુ શખ્સે તેણીએ પહેરેલા ચાંદીનાં દાગીના લુંટી લીધા બાદ તેણીની હત્યા કરી નાંખી હોવાની ઘટના બનવા પામી હતી. આ દુખદ સમાચારથી ગામમાં અને ખાસ કરીને પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટના બાદ દિકરીનાં મૃત્યુનાં આઘાતમાં સરી પડેલા પિતાનું પણ આજે કુદરતી મૃત્યુ થઈ જવા પામ્યુ હતુ. માણસા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

માણસા તાલુકાનાં દેલવાડ ગામમાં ખેડુત પરિવારમાં રહેતી ૪૦ વર્ષિય મહિલા અલ્પાબેન પરબતજી ઠાકોરનાં લગ્ન વર્ષો પહેલા થઈ ગયા હતા પરંતુ પરિવારમાં પિતા અને ભાઈ જ છે અને તેમા પણ પિતા ગંભીર બિમારીથી પિડાતા હોવાથી અને ભાઈ પગેથી અપંગ હોવાથી બંનેની સાર સંભાળ રાખવા માટે અલ્પાબેન ક્યારેય સાસરી ગઈ ન હતી અને પોતાનુ જીવન પરિવાર માટે સમર્પિત કરી દીધુ હતુ. ગઈ કાલે બપોરે બે વાગ્યાનાં અરસામાં અલ્પાબેન નિત્યક્રમ મુજબ ઘાસચારો લેવા ગયા હતા. સાંજ પડી જવા છતા ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ શરુ કરી ત્યારે તેમના ખેતરની બાજુમાં આવેલા એક ખેતર નજીક અલ્પાબેન ઘાયલ હાલતમાં જોવા મળ્યા હતા. માથાનાં ભાગે ગંભીર રીતે ઘવાયેલી અલ્પાબેનનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નિપજયુ હતુ. અલ્પાબેને પગમાં પહેરેલા રુ.૧૫ હજારની કિંમતનાં ચાંદીના બે કડલા ગાયબ હતા. કોઈ અજાણ્યા શખ્સોએ ચાંદીના દાગીનાની લુંટ ચલાવી અલ્પાબેનની હત્યા હરી નાંખી હતી. માણસા પોલીસે હત્યા અને લુંટનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે અને બીજી તરફ દિકરીના મૃત્યુના આઘાતમાં સરી પડેલા પિતા પરબતજીનો પણ આજે શ્વાસ રુંધાઈ જતા મૃત્યુ થઈ જવા પામ્યુ હતુ. એક જ દિવસે પિત-પુત્રીની અંતિમયાત્રા ગામમાંથી નિકળતા ગામમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

દિકરીની હત્યાનાં આઘાતમાં પિતાનું પણ મૃત્યુ થઇ જતા ગામમાં સન્નાટો : એક જ દિવસે પિતા-પુત્રીની અંતિમાયાત્રા નિકળી

નિર્દોષ યાત્રીકોને સવગઢની આદર્શ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા શ્રદ્ધાંજલિ

અમરનાથ યાત્રાના નિર્દોષ યાત્રાળુઓ પર આંતકવાદીઓ દ્વારા તા. ૧૦-૭-૧૭ના રોજ જે કાયરતાપૂર્વક હૂમલો કરવામાં આવ્યો. ૭ જેટલા નિર્દોષ નાગરીકોએ પોતાના જીવ ગુમાવ્યા તેમને સવગઢની આદર્શ હાયર સેકન્ડરી સ્કૂલના બાળકો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પવાનો એક કાર્યક્રમ યોજાયો. જેમાં શાળાના બાળકોએ અશ્રુભીની આંખોથી મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જ્યારે આ ઘટનામાં ઘાયલ થયેલાઓને ભગવાન જલ્દી સાજા કરે તેવી પ્રાર્થના કરી હતી.

સ્થાયી સમિતિ સેટીંગ કમિટી છે : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મહાનગરપાલિકા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ વર્તમાન સ્થાયી સમિતિ સેટીંગ કમિટી બની અને કામ કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે.

વિપક્ષી નેતાએ આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે સંવેદનહીન સત્તાધીશોને તેમના ખિસ્સા ભરવામાં રસ હોય તેવું લાગી રહ્યું છે. સીટી બસ ના મુદ્દે હજુ સુધી કોઈ નિર્ણાયક ભૂમિકા સ્થાયી સમિતિમાં સેટીંગ નહિ થયું હોવાથી થઈ શકી નથી.

ગાંધીનગર મહાનગર પાલિકામાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા પ્રજાલક્ષી વિકાસના કામો પર બ્રેક લગાવી દેવામાં આવી છે, તેના કારણે કોર્પોરેટરો પોતાની ગ્રાન્ટમાંથી પ્રજાકીય કામો કરી શકતા નથી, છેલ્લા દોઢ વર્ષથી કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પ્લાસ્ટીકની ખુરશીઓ આપવાનો પરિપત્ર થયેલો છે પરંતુ વારંવાર ખુરશીઓના ટેન્ડર રદ કરવામાં આવ્યા છે, નિયમ પ્રમાણે કોઈ પણ કંપનીના નામનું ટેન્ડર ના કરી શકાય તેવી કાયદામાં જોગવાઈ છે તેમ છતાં પણ છેલ્લા ટેન્ડરમાં સ્ટેન્ડિંગ કમિટીએ માત્ર અને માત્ર નીલકમલ કંપનીના નામનું જ ટેન્ડર કરવું એવો ઠરાવ કર્યો હતો, તો આમાં શું સમજવું? કોઈ એક જ કંપનીના નામનું ટેન્ડર કરવું એટલે કે એ કંપની જોડે મિલીભગત ચોકકસ હોય જ એવું સાબિત થાય છે, પરંતુ આ બાબત સરકારના ધ્યાનમાં આવતા ઉપરથી ઠપકો આપતા વળી પાછું આ ટેન્ડર રદ કરવામાં આવ્યું. આમ વારંવાર આવા અખતરા કરવાથી પબ્લિકના જ પૈસા પબ્લિકમાં કોર્પોરેટરો દ્વારા વાપરી શકતા નથી, જેની તમામ જવાબદારી સ્ટેન્ડિંગ કમિટીની બની રહે છે.

મોડાસા નગરમાં અરવલ્લી જિલ્લા મંડપ ડેકોરેશનની સામાન્ય સભા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મંડપ ડેકોરેશન એસોસીએશનની મિટીંગ મળી હતી. અરવલ્લી જિલ્લાના તાલુકાઓ તથા શહેરના સભ્યો સાથે મળી એસોસીએશનમાં મોટી સંખ્યામાં વેપારીઓ આવી નવરચીત હોદ્દેદારો તથા કારોબારીની રચના કરી. ખડાયતા જીવન હોલમાં મળેલ મિટિંગમાં ૧૦૦ સભ્યોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

જીએસટીને લગતી બાબતો માટે હર્ષભાઈ કોઠારી વકીલે મિટિંગની શરૂઆત કરી, સુરેન્દ્રસિંહ બાપુ એસોસીએશન ઉપપ્રમુખે સુંદર સરળ ભાષામાં એસોસીશનને પરીવાર સાથે જોડવાની વાત કરી હતી. નવા હોદ્દેદારોમાં પ્રમુખ ઈબ્રાહીમભાઈ ભુરા, ઉપપ્રમુખ સુરેન્દ્રસિંહ (માલપુર), ઉપપ્રમખ હેમંતભાઈ પટેલ (સાકરીયા), મંત્રી દિલીપભાઈ ભાવસાર (મોડાસા)નો સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લામાં ૨૭મીથી નર્મદા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

પાલનપુર, તા. ૧૪

આગામી તા.૨૭ જુલાઈથી ૫ ઓગષ્ટ દરમ્યાન બનાસકાંઠા જિલ્લા સહિત સમગ્ર રાજયમાં મા નર્મદા મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી ભારત સરકાર ધ્વારા મળી છે જેનાથી રાજયના વિકાસના દ્વાર ખુલ્યાં છે. આ ઐતિહાસિક નિર્ણયથી ગુજરાતની સમૃધ્ધિ અને પ્રજાની સુખાકારીમાં ઝડપભેર નોંધપાત્ર વધારો થશે. આ પ્રસંગની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી કરવા રાજય સરકાર ધ્વારા મા નર્મદા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેની ઉજવણી રાજયના ૨૪ જિલ્લાઓના આશરે ૧૦,૦૦૦ ગામોમાં કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં કલેકટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર મા નર્મદા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત જિલ્લાના પશ્ચિમ વિસ્તાર વાવ, થરાદ, દિયોદર, ભાભર, કાંકરેજ અને લાખણી તાલુકાઓમાં ૭૩ રૂટો પર ૮ જેટલા નર્મદા રથનું પરિભ્રમણ કરવામાં આવશે. એક દિવસમાં એક રથ ૧૨ થી ૧૩ ગામોમાં પરિભ્રમણ કરશે અને જ્યાં રથનું રાત્રિ રોકાણ હશે તે ગામમાં ખ્યાતનામ કલાકારો ધ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવશે. મા નર્મદા મહોત્સવની ઉજવણી અંગે મુખ્ય સચિવ જે.એન. સિંઘના અધ્યક્ષસ્થાને કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં રાજયકક્ષાએ યોજાનાર ઉજવણી અંગે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ પાલનપુર મુકામે કલેકટર દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને ઉજવણી અંગે અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટરે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાથી હરીયાળી કાંતિ સર્જાઈ છે તેવા લાભાર્થી તાલુકાઓ અને ગામોમાં આ રથ ભ્રમણ કરશે. બનાસકાંઠા જિલ્લાના ગામોમાં મા નર્મદાની પૂજા-આરતી, કળશ, ફ્લેગ, નર્મદા યોજના સચિત્ર સહિત નવીન ક્રિએશન થકી લોકોમાં મા નર્મદાનું મહત્વ સમજાવાશે. આ ઉપરાંત દરેક રથમાં મ્યુઝીકલ સીસ્ટમ અને નર્મદા યોજના અંગેની ફિલ્મ દર્શાવવામાં આવશે.

શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસા બાયપાસ નજીક અરવલ્લી જિલ્લા સેવાસદન નજીક શુક્રવારે સવારે ૯ કલાકે ભારત પેટ્રોલીયમનુ ટેન્કર (નં. એચ આર.૫૫.એસ.૮૦૭૯)ના ટાયર જામ થઈ જતા ટેન્કર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા રોડ પર પલટી મારી જતા ભારે ટ્રાફીક જામ થઈ ગયો હતો. ટેન્કરની અંદર જવનશીલ પ્રવાહી ભરેલુ હોવાથી આગ ન લાગતા સદનસીબે જાનહાનિ ટળી હતી. ટેન્કરના ચાલક અને ક્લીનરના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

પાયાની રાષ્ટ્રીય કેળવણી સમગ્ર દેશની શાળાઓમાં સમાન રીતે જો આગળ વધે તો ખૂબ જ સારો વિકાસ દેશ મેળવી શકશે એવી આશા પરિષદે વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'પાયાની કેળવણી કાળે કરીને દેશમાંથી વર્તમાન કેળવણી પદ્ધતિમાં ક્રાંતિ લાવશે. દેશના ભવિષ્ય માટે પાયાની કેળવણી એટલી મહત્ત્વની છે કે ભવિષ્ય માટે પાયાની કેળવણી એટલી મહત્ત્વની છે કે નજીકના ભવિષ્યમાં ગમે તેવા રાજકીય ફેરફારો થવા પામે તોય તે એકધારી રીતે ચાલું રહેવું જોઈએ.'

સાત વરસની પાયાની કેળવણી મફત, સાર્વત્રિક અને ફરજિયાત કરવા માટે મૂડી અને અન્ય ખર્ચને પહોંચી વળવા માટે મધ્યસ્થ સરકારોને પોતાનો ઘટતો હિસ્સો આપવાનો વિચાર પણ આ સાથે કરવામાં આવ્યો હતો. દરેક શાળાને માટે શિક્ષણ સાથે ઉદ્યોગ કામમાં એવો ઉદ્યોગ પસંદ કરવા આવવો જોઈએ કે જે તે સ્થળે વસતા લોકોનો મુખ્ય વ્યવસાય સાથે જોડાયેલો હોય. આ ઉપરાંત બાળકોના ઉદ્યોગકામની જુદી જુદી પેદાશો કેટલા પ્રમાણમાં બજારમાં વેચી શકાશે એનો ચોક્કસ અંદાજ ગણતરી કરવી જોઈએ. આ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ - સરકાર અને અન્ય બાબતોની ચકાસણી કરીને એ અંદાજ પ્રમાણે દરેક શાળામાં ઉદ્યોગોની ફાળવણી કરવી જોઈએ.

આજના ડે - બોર્ડિંગ સ્કૂલના કન્સેપ્ટમાં એવી ઘણી બધી બાબતો રહી જાય છે જે બુનિયાદી તાલીમ સામેલ હતી. સરકાર અને સમાજના અનુબંધ વગર માત્ર શિક્ષણનો વ્યાપારીક સંસ્થાઓ ગણાય એવી સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓને ગાંધીનો વિચાર જોડાયેલો છે એવી સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓએ ગાંધીનો વિચાર જોડાયેલો છે એવી 'પાયાની કેળવણી'ની તાલીમ વિશે વિચારવું જોઈએ એમ નથી લાગતું?

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

ભારે વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપર્કવિહોણાં બન્યા હતા. કુમાલબંધ અને ચીખલદા કોઝવે પર પાણી ફરી વળ્યા હતા. આ જ પ્રકારે વલસાડના ધરમપુર, વાપી, કપરાડા, સુરત, નવસારી, જામનગર સહિતના વિસ્તારો અને પંથકોમાં પણ સારો એવો વરસાદ પડયો હતો. તો કચ્છ-સૌરાષ્ટ્રમાં પણ મેઘરાજાએ પ્રમાણસર વરસાદ વરસાવી લોકોને ખુશ કરી દીધા હતા. વલસાડ જિલ્લાના કપરાડામાં આઠ કલાકમાં સવા આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર બની ગયુ હતું. માર્ગો, બજારો જયાં જુઓ ત્યાં પાણી જ પાણી નજરે પડતું હતું. રસ્તાઓ દેખાવાના બંધ થઈ ગયા હતા, કેટલાક વિસ્તારોમાં તો ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. કપરાડામાં સવા આઠ ઈંચથી વધુ વરસાદને પગલે નદી-નાળાઓ અને તળાવો છલકાયા હતા. કપરાડામાં અતિ ભારે વરસાદને પગલે સ્થાનિક જનજીવન ખોરવાઈ ગયુ હતું. બનાસકાંઠા જિલ્લાની સૌથી રમણીય એવી બનાસ નદી વરસાદી પાણીના નવા નીરની આવકથી જાણે સોળે કલાએ ખીલી ઉઠી હતી. ઉપરવાસના અતિભારે વરસાદના કારણે બનાસ નદીમાં નવા નીરની ભરપૂર આવક થઈ હતી. જેથી નદી બંને કાંઠે ખળખળ વહેતી ખીલી ઉઠી હતી. સ્થાનિક લોકો બનાસના નવા નીર જોવા ખૂબ મોટી સંખ્યામાં ઉમટયા હતા. સાબરકાંઠા જિલ્લામાં પણ અતિ ભારે વરસાદ નોંધાયો હતો. ઉપરવાસના અતિભારે વરસાદના કારણે જિલ્લાની સેઈ અને પનારી નદીઓમાં પૂર આવ્યા હતા.

પુરની સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈટાનગરનુ સંપર્ક કપાઈ ગયુ છે. મણિપુરના તમામ જિલ્લામાં પણ ભારે વરસાદ બાદ પુરની સ્થિતી પ્રવર્તી રહી છે. સમગ્ર પ્રદેશમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત પુરની સ્થિતીની સમીક્ષા કરવા માટે કેન્દ્રિય પ્રધાન રિજ્જુના નેતૃત્વમાં ટીમ મોકલી દેવામાં આવી છે. મણિપુરને આશરે ૧૩૧ કરોડનુ નુકસાન થઈ ગયુ છે. આ વર્ષે મે મહિનામાં રાજ્યમાં મોરા વાવાઝોડુ ત્રાટક્યા બાદથી સતત નુકસાન થઈ રહ્યુ છે. અરૂણાચલ પ્રદેશમાં મુખ્યપ્રધાન પેમા ખાન્ડુએ ઈટાનગર અને અન્ય વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે લઈ જવાના આદેશ જારી કરવામાં આવ્યા છે.

શંકાસ્પદ પાવડર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્તરીય સુરક્ષા બેઠક યોજી હતી જેમાં ગુરુવારના બનાવના સંદર્ભમાં સુરક્ષા પાસાની ચર્ચા કરવામાં આવી હતી. સુરક્ષા સંબંધિત મામલાઓને લઈને વધારે જાગૃત રહેવાની જરૂર છે. વિધાનસભામાં વર્કરો માટે પોલીસ વેરિફિકેશન કરવાની જરૂર છે. સુરક્ષા માર્ગદર્શિકા જારી કરવાની જરૂર છે. આને પાળવાની પણ જરૂર છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ૧૫૦ ગ્રામ વ્હાઈટ પાવડરનો જથ્થો વિપક્ષના નેતા રામગોવિંદ ચૌધરીની સીટ નજીક ગુરુવારના દિવસે નિયમિત સુરક્ષા સાફ-સફાઈ દરમિયાન મળી આવ્યો હતો. આ સામગ્રી મળતાની સાથે જ સુરક્ષા અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આ જથ્થો લઈને ચકાસણી માટે ફોરેન્સિક લેબ મોકલી દેવાયો હતો. લખનૌમાં વિધાનસભા પ્રાંગણની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. વિધાનસભાની ઉંડી ચકાસણી શરૂ થઈ ગઈ છે.

બેઠકોના દોર શરૂ થઈ ચુક્યા છે. એનઆઈએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. યોગીએ આજે કહ્યું હતું કે, વિસ્ફોટકની માત્રા ઓછી હતી. સમગ્ર ભવનને ઉડાવી દેવા માટે ૫૦૦ ગ્રામ પીઈટીએન પુરતા પ્રમાણમાં છે. તપાસ અધિકારીઓ પણ સક્રિય થઈ ગયા છે. યોગીએ મોબાઈલ ફોન લઈને ગૃહમાં ન આવવા તમામને સૂચના આપી છે.

વિપક્ષ સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા તેમાં કોંગ્રેસ તરફથી ગુલામ નબી આઝાદ, મલ્લિકાર્જુન ખડગે, સીપીઆઈએમથી સીતારામ યેચુરી, સમાજવાદી પાર્ટી તરફથી મુલાયમસિંહ યાદવ, એલજેપી તરફથી રામવિલાસ પાસવાન અને એનસીપી તરફથી તારિક અનવર, જેડીયુ તરફથી કેસી ત્યાગી ઉપસ્થિત રહ્યા હતા. નવી દિલ્હીએ ચીનના યથાસ્થિતિને બદલી નાંખવાના ચીનના પ્રયાસ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. બેઠકમાં અમરનાથમાં કરવામાં આવેલા હુમલા ઉપર પણ ચર્ચા થઈ હતી. સિક્કિમ ડોકલામ મડાગાંઠને લઈને ચીન સાથે સંબંધો તંગ બનેલા છે ત્યારે આજે સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી જેમાં સમગ્ર મામલા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. ડોકલામ મડાગાંઠના સંદર્ભમાં ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. તૃણમુલ કોંગ્રેસથી લઈને ડાબેરીઓ અને કોંગ્રેસી નેતાઓને આ બેઠકમાં હાજરી આપવા માટે કહેવામાં આવ્યું હતું. ભારત અને ચીન વચ્ચે ગયા મહિના બાદથી ભુટાન,ચીન, ભારત ટ્રાઈ જંક્શન નજીક મડાગાંઠની સ્થિતિ સર્જાયેલી છે. ચીની સેના દ્વારા માર્ગનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેથી સ્થિતિ વણસી ગઈ છે.

જળબંબાકાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહેતા અંધારુ છવાઈ ગયુ હતુ. વરસાદના અંતે નગરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળતા ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. તંત્રના પ્રિમોન્સુન પ્લાનની પણ પોલ ખુલી ગઈ હતી. મુખ્ય માર્ગો પર વરસાદી પાણીના નિકાલની લાઈન હોવાછતા પાણીનો નિકાલ થતો ન હતો. વરસાદી વાતાવરણ વચ્ચે પીક અવર્સ હોવાના લીધે નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ધોધમાર વરસાદના અંતે પણ રાત્રિના સમયે ઝરમર વરસાદ યથાવત રહયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૯.૫ ડી ગ્રી નોંધાયુ હતુ .જયારે લઘુત્તમ તાપમાન ૨૬ ડી ગ્રી નોંધાયુ હતુ. દિવસ દરમિયાન ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર ૯૭ ટકા રહયુ હતુ. મોસમનો વરસાદ ૩૧૧ મી મી થી વધુ નોંધાયો છે.